અપીલ અરજી નં.૪૩૫ તા.૪–૩–૧૦

અરજદારઃ– શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ
સામાવાળાઃ– કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિ તી અધિકારી (ઉધનાઝોન)
આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૧૮–૧–૧૦ ની અરજીથી (૧) ક્રાંતિધર્મ કાર્યપાલક ઈજનેરશ્રી તા.૨૯–૧૨–૦૯ (૨) કાંતિધર્મ કાર્યપાલક ઈજનેરશ્રી ,આરોગ્ય અધિકારી તા.૩૦–૧૨–૦૯ (૩) ક્રાંતિધર્મ કાર્યપાલક ઈજનેરશ્રી તા.૨૯–૧૨–૦૯ ઉપરોકત ત્રણેય અરજીઓની શું ? શું કાર્યવાહી થઈ છે અને ના થઈ હોય તો તેના ઠોસ કારણો,પરીબળો તથા જે તે જવાબદાર અધિકારીઓના નામ તથા હોદ્દો અને ના થઈ હોય તો તાત્કાલીક કાર્યવાહી કર્યા પછી માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૪–૩–૧૦ ની અપીલ અરજી નં.૪૩૫/૨૦૦૯–૧૦

શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૧૮–૧–૧૦ ની અરજીથી (૧) ક્રાંતિધર્મ કાર્યપાલક ઈજનેરશ્રી તા.૨૯–૧૨–૦૯ (૨) કાંતિધર્મ કાર્યપાલક ઈજનેરશ્રી ,આરોગ્ય અધિકારી તા.૩૦–૧૨–૦૯ (૩) ક્રાંતિધર્મ કાર્યપાલક ઈજનેરશ્રી તા.૨૯–૧૨–૦૯ ઉપરોકત ત્રણેય અરજીઓની શું ? શું કાર્યવાહી થઈ છે અને ના થઈ હોય તો તેના ઠોસ કારણો,પરીબળો તથા જે તે જવાબદાર અધિકારીઓના નામ તથા હોદ્દો અને ના થઈ હોય તો તાત્કાલીક કાર્યવાહી કર્યા પછી માહિતી આપવા બાબતે કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધના ઝોનના પત્ર નં.સા.ઝોન/ટેક/૪૩ તા.૪–૨–૧૦ તથા આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારીના પત્ર નં.પી.એચ.ડી/ફુડ/૮૪૯ તા.૧૨–૩–૧૦ થી આપેલ માહિતી ગોળ ગોળ જવાબ આપેલ હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૪–૩–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૪૭૦ તા.૧૯–૩–૧૦ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિ તી અધિકારી (ઉધનાઝોન), આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી તથા અરજદારને અપીલ અરજીમાં કલમ– ૨(એફ) અને (જે) ના સંદર્ભે પત્ર ઉપલબ્ધ માહિતીની જોગવાઈ સામે આપના "ગોળ ગોળ" જવાબના દાવાના સમર્થનમાં આધાર પુરાવા રજુ કરવા જણાવતો પત્ર પાઠવવામાં આવેલ . જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી નં.સા.ઝોન/૧૪ તા.૨૯–૩–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતો મળેલ છે. જેમાં નોંધ વિભાગ, અરજદારને જાહેર માહિતી અધિકારી ફુડ વિભાગ તરફથી પાઠવવામાં આવેલ પત્ર નં.પીએચડી/ફુડ/૯૬૨ તા.૨૯–૩–૧૦ ના પત્રની નકલ તથા જાવક નં.પીએચડી/ફુડ/૮૪૯ તા.૨૨–૨–૧૦ ની પત્રની નકલ અત્રે પૂરક વિગતોમાં મળેલ છે. જયારે અરજદાર તરફથી અપીલમાં દાવાના સમર્થનમાં કોઈ વિગતો રજૂ કરેલ નથી.

અરજદારની તા.૧૮–૧–૧૦ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ તારીખે કાર્યપાલક ઈજનેરને કરેલ અરજીઓ અંગે માહિતીની માંગણી કરવામાં આવેલ છે. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક./૪૩ તા.૪–૨–૧૦ થી " પ્રાઈવેટ બોરીંગવાળાને સુરત મહાનગરપાલિકાના રસ્તાઓ ખોદી કુલ ૩ ડાંઈગ એકમોને રસ્તા ખોડાણ ચાર્જ વસુલ લઈ રસ્તા ખોદાણની પરવાનગી આપવામાં આવેલ છે." તેવી માહિતી અરજદારની તા.૨૯–૧૨–૦૯ ની અરજી બાબતે તા.૧૮–૧–૧૦ ના રોજ કરેલ અરજીના સંદર્ભે આપવામાં આવેલ છે. જયારે આરોગ્ય અધિકારી તરફથી જાવક નં.પીએચડી/ફુડ/૮૪૯ તા.૨૨–૨–૧૦ થી અરજદારની આઈ ડી નં.૫૪૭ /૬૦૦/૫૩૮ તા.૧૮–૧–૧૦ થી અરજીના અનુસંધાને ઉધના ત્રણ રસ્તા પર આવેલ " જે.પી. બિસ્કીટ બેકરી" નામની સંસ્થાની સ્થળ તપાસ કરતાં સદર સંસ્થા પોતાના ધ્વારા ફરસાણ બિસ્કીટ વિગેરે ઉત્પાદન કરી પોતાની સંસ્થામાં વેચાણ કરે છે. તપાસ કરતાં ફરસાણના પેકેજ ઉપર ઉત્પાદનની તારીખ લખવાનું હોવાનું માલુમ પડેલ છે." તેવી માહિતી અરજદારને પૂરી પડાયેલ છે. જે બાબતે અરજદારે સા.ઝોન/ટેક./૪૩ તા.૪–૨–૧૦ તથા જાવક નં.પીએચડી/ફુડ/૮૪૯ તા.૨૨–૨–૧૦ થી મળેલા નિર્ણયથી નારાજ થઈ બોરીંગોનું લીસ્ટ હોવા છતાં ત્રણ જ જગ્યાની માહિતી તથા ન થયેલ કાર્યવાહીના કારણે જવાબદાર અધિકારીઓના નામ ન આપવા તથા તારીખ વગરના પુરાવાઓ આપ્યા હોવા છતાં કોઈ કાર્યવાહી ન થઈ તેના કારણો તથા જાહેર માહિતી અધિકારીઓના નામ તથા બંને અધિકારીઓ વિરુધ્ધ કાર્યવાહી કરી શિક્ષાતમક પગલા ભરવા તેવું જણાવી તા.૪–૩–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ છે. જે બાબતે અરજદારને ગોળ ગોળ જવાબ ના દાવાના સમર્થનમાં અપીલ તબકકે કોઈ રજૂઆત કરેલ નથી. તથા આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.પીએચડી/ફુડ/૯૬૨ તા.૨૯–૩–૧૦ થી ફુડ ઈન્સ્પેકટર શ્રી ડી. કે. પટેલે તા.૯–૩–૧૦ ના રોજ ફરીયાદમાં જણાવેલ ઉધના ત્રણ રસ્તા મેઈન રોડ ,ઉધના સુરત ખાતે આવેલ "જે. પી. બિસ્કીટ " નામની સસ્થાની મુલાકાત લઈ તપાસ કરતાં સંસ્થા ધ્વારા ઉત્પાદિત ફરસાણ વિગેરેનો પેકીંગ પર ઉત્પાદનની તારીખ, બેચ નંબર વિગેરેનો અમલ કરતાં હોવાનું માલુમ પડેલ છે." તેવી માહિતી પૂરી પાડેલ છે. આમ અરજદારને તા.૨૨–૨–૧૦ તથા તા.૨૯–૩–૧૦ ના પત્રથી સ્થળ તપાસ સહિત હકીકતલક્ષી માહિતી અરજદારને પૂરી પાડેલ જણાય છે. જયારે ઉધનાઝોન ધ્વારા આપેલ માહિતી વિષમતા હોવાનું જણાય છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૮–૧–૧૦ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી પૂરી પડાયેલ માહિતી અપીલ અરજી અંગે વિશેષ કંઈ કરવાનું રહેતું ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. તેમ છતાં અરજદાર ઈચ્છુક હોય તો જાહેર માહિતી અધિકારીનો આગોતરો સમય મેળવી કચેરીના કામકાજ દરમ્યાન દિન–૭ માં અરજીની બાબત હેઠળની ખોદાણ ચાર્જ વસુલ સબંધિત તથા લાગત બોરીંગ લીસ્ટ સબંધિત દફતરનું ઈન્સ્પેકશન કરી શકે છે. જે માટે કાયદાની કલમ–૭(૩) અને નિયમ–૫ થી ઠરાવેલ ફી અરજદારે ભરપાઈ કરવાની રહેશે. અરજદાર તરફથી ઈન્સ્પેકશનની માંગણી થયે તદઅનુસારની અમલવારી કરવા કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/<br>
તારીખ : –૪ –૧૦

ડે.કમિશ્નર(જનરલ),<br>
અને એપેલેટ ઓફિસર<br>
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,

(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન,આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી<br>
...જાણ તથા અમલ માટે

(૨) શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ